**સુરત મહાનગરપાલિકાની તા.૩૦-૭-૨૦૦૨ ના રોજ મળેલ નગર નિયોજન સમિતિની સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.**

xxxxxxxxxx

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૨૨/૦૭/૨૦૦૨ ના પત્ર નં.સીપીસ/૮/૬ થી વિદિત થઈ, નગર રચના યોજના સુરત નં.૪૯(કતારગામ) માં આવેલ વાંધા/સુચનોનો અભ્યાસ કરી જરૂરી સુધારા-વધારા કરી ફેરફાર સહિતના મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૪૯(કતારગામ) ના મુસદ્દાને નીચે જણાવેલ સુધારા નં. ૧ થી ૬ મુજબ સુધારી અને સુધાર્યા મુજબના મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૪૯(કતારગામ) ના મુસદ્દાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીની મંજૂરી મેળવવા માટે સરકારશ્રીમાં સાદર કરવા મ્યુનિ.કમિશ્નરશ્રીને જરૂરી કાર્યવાહી માટે અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

## સુધારાઓ

(૧) મ્યુ.કમિશ્નરશ્રીના તા.૨૨/૦૭/૨૦૦૨ ના પત્ર નં.સીપીસ/૮/૬ થી રજૂ કરેલ દરખાસ્ત પૈકી, રે.સ.નં. ૧૨૭/૩, ૧૨૭/૪, મુળખંડ નં. ૧૧૯, ૧૨૦ ને ફાળવેલ અંતિમ ખંડોમાં સુચવેલ સુધારો માન્ય રાખી તે સિવાયની યોજનાને અગાઉ મ્યુ.કમિશ્નરશ્રીએ પત્ર નં. સીપીસ/૮/૧, તા.૧/૪/૦૨ થી પ્રસિધ્ધ કરવા રજૂ કરેલ દરખાસ્ત અન્વયે નગર નિયોજન સમિતિએ તેના તા. ૨૪/૪/૨૦૦૨ ના ઠરાવ નં. ૬/૨૦૦૨ થી પ્રસિધ્ધ કરવા સારૂ મંજૂર કરેલ યોજના મુજબની જ દરખાસ્તો યથાવત રાખવાનું ઠરાવવામાં આવે છે. તે ઉપરાંત :-

(૨) મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૪૯(કતારગામ) વિસ્તારમાં જે જે માલિકોએ તેઓની કપાત હેઠળની જમીનનો આગોતરો કબજો સુરત મહાનગરપાલિકાને તા.૩૦-૭-૨૦૦૨ સુધીમાં સુપ્રત કરેલ હોય તેવાં કિસ્સાઓમાં સદરહુ જમીન માલિકોને ફાળવેલ ફા.પ્લોટની ભૌગોલિક હદ તેમજ ક્ષેત્રફળ નક્કી કરવાની સત્તા મ્યુ.કમિશ્નરશ્રીને સોંપવામાં આવે છે.

(૩) દરખાસ્ત સાથે રજૂ કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૪૯(કતારગામ)માં રે.સ.નં.૧૯૩, મુળખંડ નં.૨૦૩ ને ફાળવેલ આખરી ખંડ નં.૨૦૩ ની પશ્ચિમ હદને મુળખંડની હદ પર જ સુચવવી તેમજ સદરહુ મુળખંડની કપાત દક્ષિણ તરફે કરી મુળખંડ નં.૨૦૨ ની દક્ષિણ હદની કપાત સાથે મેળવી ૩૦ મીટરના રસ્તા પરથી એપ્રોચ આપવો તથા આ કપાતને કારણે સુરત મહાનગરપાલિકાને મળતા આખરી ખંડને " સેલેબલ રેસીડેન્શીયલ " ના હેતુ માટે સુચિત કરવો તેમજ આખરી ખંડ નં.૨૦૩ ને ઉભા (ઉત્તર-દક્ષિણ) બે ભાગ કરી ૨૦૩/એ તથા ૨૦૩/બીના રૂપે આખરી ખંડ ફાળવવા જેને કારણે લાગુ અંતિમખંડના આકાર તથા હદમાં આનુસાંગિક ફેરફાર કરવા .

(૪) દરખાસ્ત સાથે રજૂ કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૪૯(કતારગામ)માં રે.સ.નં.૧૯૪ પૈકી, મુળખંડ નં.૨૦૪ ને ઉત્તર-પશ્ચિમ ખુણે ૫૦ .૦૦ x ૮૬.૦૦ મીટર નો આખરી ખંડ ફાળવવો તથા બાકીનો જરૂરી આખરી ખંડ સુરત મહાનગરપાલિકા માટે સુચિત કરેલ આર-૧૩,

"હાઉસીંગ ફોર એસ.ઈ.ડબલ્યુ.એસ." માંથી તેમજ આર–૧૮ " વેજીટેબલ માર્કેટ " માંથી કાળવવા. જેને કારણે લાગુ અંતિમખંડના આકાર તથા હદમાં આનુસાંગિક ફેરફાર કરવા .

(૫) દરખાસ્ત સાથે રજૂ કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૪૯(કતારગામ)માં મુળખંડ નં. ૩૫ અને મુળખંડ નં. ૩૭ ની વચ્ચેથી પસાર થતાં ૧૮.૦૦ મીટર પહોળા રસ્તાની મુળખંડ નં. ૩૫ માં દક્ષિણ–પશ્ચિમ ખુણે થતી અસરને દૂર કરી. રસ્તાની ઉત્તર તરફની હદને મુળખંડ પર રાખી રસ્તાની ૧૮.૦૦ મીટર પહોળાઈને કાયમ રાખી સદરહુ રસ્તાને મુળખંડ નં.૩૫ પુરતો જ ૯.૦૦ મીટરના બે ફાંટામાં વહેંચી હયાત બાંધકામની દક્ષિણેથી પસાર કરી ૩૬.૦૦ મીટરના રસ્તા સાથે જોડવો. જેને કારણે લાગુ અંતિમખંડના આકાર તથા હદમાં આનુસાંગિક ફેરફાર કરવા.

(૬) દરખાસ્ત સાથે રજૂ કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૪૯(કતારગામ)માં રે.સ.નં.૧૦૬/૪, મુળખંડ નં. ૮૩ માં કપાત કરી સુરત મહાનગરપાલિકા માટે સૂચવેલ આર–૨૪ "કોમ્યુનીટી સેન્ટર " ને સદરહુ મુળખંડમાં જ સ્થાનફેર કરી દક્ષિણ–પૂર્વે સ્થિત કરવું. જેને કારણે લાગુ અંતિમખંડના આકાર તથા હદમાં આનુસાંગિક ફેરફાર કરવા .

<u>ઠરાવ નં. ૧૦/૨૦૦૨ સર્વાનુમતે મંજૂર</u>

સ.ર.મ્યુનિ. કમિશ્નરશ્રી પ્રતિ,

MC/SMC
-8-2002

Adv/ TP

સેક્રેટરી,
સુરત મહાનગર પાલિકા
તા.૨/૮/૨૦૦૨

૩/૮/૨૦૦૨

ઠરાવ
3/8/02